**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કૃપાલી મહિચ્છા**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 13-06-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## લોકસભા સત્ર

18મી લોકસભાનું પ્રથમ સત્ર આગામી 24 જૂનથી 3 જુલાઈ સુધી યોજાશે. આ સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદોની શપથવિધિ, અધ્યક્ષની ચૂંટણી, રાષ્ટ્રપતિનું સંબોધન અને ચર્ચા થશે. રાજ્યસભાનું 264મું સત્ર 27 જૂનથી 3 જુલાઈ દરમિયાન યોજાશે.

કેન્દ્રિય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, 140 કરોડ ભારતીયોની મહાત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા અને ચર્ચા કરવા સંસદ એક આદર્શ મંચ છે.

**RNU અમદાવાદ**

---

## જી શિખર સંમેલન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 14 જૂનનાં રોજ યોજાનારા જી સેવન શિખર સંમેલનમાં ભાગ લેવા માટે આજે ઇટાલી જવા રવાના થશે. ગઇકાલે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશ સચિવ વિનય કવાત્રાએ જણાવ્યું હતું કે, ભારતને આઉટરીચ કન્ટ્રી તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી પદનાં શપથ ગ્રહણ કર્યા બાદ શ્રી મોદીની આ પ્રથમ વિદેશ મુલાકાત છે. શ્રી કવાત્રાએ જણાવ્યું કે, આ મુલાકાત જી સેવન શિખર સંમેલન ભારત ઉપરાંત ગ્લોબલ સાઉથને લગતા મહત્વના મુદ્દો પર ચર્ચા કરવાની પણ તક છે. જી સેવનમાં ભારત 11મી વાર અને પ્રધાનમંત્રી મોદી પાંચમી વાર ભાગ લઈ રહ્યા છે.

**RNU અમદાવાદ**

---

## કૃષિ આયોજન

કૃષિ મંત્રાલયનો કાર્યભાર સંભાળતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે 100 દિવસના કૃષિ આયોજન અંગે વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. શિવરાજસિંહ ચૌહાણે અધિકારીઓને કહ્યું કે, તેઓ ખેડૂતો કેન્દ્રીત કાર્યોને ઝડપી બનાવે, જેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સંકલ્પ પૂર્ણ કરી શકાય.

કૃષિ મંત્રીએ કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે કડક પગલાં લેવા માટેના નિર્દેશ આપ્યાં. તેમણે ભારપૂર્વક કહ્યું કે ખેડૂતોને ગુણવત્તાપૂર્ણ ખાતર, બિયારણ અને અન્ય કૃષિ સામગ્રીની ઉપલબ્ધતમાં પ્રાથમિકતા મળે એ સુનિશ્ચિત કરવું જોઈએ.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## નમો લક્ષ્મી યોજના

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓના અભ્યાસખર્ચમાં સહાયરૂપ થવા, તેમજ પરિવારને આર્થિક સહાય પૂરી પાડવા, રાજ્ય સરકારે વર્ષ 2024-25ના બજેટમાં ‘નમો લક્ષ્મી’ યોજનાની જાહેરાત કરી છે. ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વધુમાં વધુ વિદ્યાર્થિનીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તેવા આશયથી, નવા શૈક્ષણિક સત્રથી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.  મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## શૈક્ષણિક કાર્ય શરૂ

ગુજરાત રાજ્યમાં શાળા  મહાશાળાઓમાં 35 દિવસના ઉનાળુ વેકેશન પછી  આજથી શૈક્ષણિક કાર્ય શરૂ થઈ જશે. નવું ધોરણ નવા વર્ગો નવા પાઠ્પુસ્તકો સાથે વિદ્યાર્થી વર્ગ અનેરા ઉત્સાહ સાથે નવા સત્રનો આરંભ કરશે. કચ્છમાં આ વખતે કાળઝાળ ગરમીને કારણે શાળાઓનો સમય સવારે રાખવા જણાવાયું છે.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતે અમેરિકાને 7 વિકેટે પરાસ્ત કરી ટી 20 વિશ્વ કપ જંગમાં  સુપર આઠ ટીમમાં સ્થાન મેળવ્યું છે. અમેરિકાએ 8 વિકેટ ગુમાવી 110 રન કર્યા હતા. ભારતે 3 વિકેટનાં ભોગે 111 રન કરી મેચ જીતી લીધી હતી. ભારતે અત્યાર સુધીની ત્રણે ત્રણ મેચ જીતી મહત્વની સિધ્ધિ મેળવી છે.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------

## કૃષિ અભ્યાસક્રમ

ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં ગત વર્ષથી અમલી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગેનો અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષથી સમગ્ર દેશની કૃષિ યુનિવર્સિટીઓમાં અમલી બનવા જઈ રહ્યો છે. આ માટેની સૌ પ્રથમ બેઠક ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે મળી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં દેશના 12 વૈજ્ઞાનિકો દ્વારા આ અભ્યાસક્રમ તૈયાર કરાયો હતો. જેને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા દેશની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં અમલી બનાવાયો છે. આ અભ્યાસ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન અને જીવામૃત, બીજામૃત, જંતુનાશક જેવા મુખ્ય વિષયોની સમાવેશ કરવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## હવામાન

રાજયમાં ચક્રવાતના કારણે આગામી 7 દિવસમાં વીજળની કડાકા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. આવતીકાલે અમદાવાદ, ગાંધીનગર, મધ્યગુજરાત સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------